# ઉત્તર ભારત ભૂકંપથી ધ્રુજયુ



## નેપાળ અને ઉત્તર ભારતમાં ૫.૩ની તીવ્રતાવાળો ભૂકંપ : દિલ્હી-એનસીઆર, લખનૌ, ચંદીગઢમાં અસર : ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં સૌથી વધુ અસર રહી

નવીદિલ્હી, તા. ૧૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ જેટલી આંકવામાં આવી હતી. તમામ વિસ્તારો ભૂકંપના કારણે હચમચી ઉઠ્યા હતા. દિલ્હી અને એનસીઆર ઉપરાંત લખનૌ, ચંદીગઢ, નોઈડા, ગુરુગ્રામ સહિત ઉત્તર ભારતના અન્ય અનેક શહેરોમાં આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપને લઈને માહિતી આપનાર અમેરિકી સંસ્થા યુએસજીએસના કહેવા મુજબ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ જેટલી આંકવામાં આવી હતી. આનું કેન્દ્ર નેપાળમાં દીપાયાળની પાસે હોવાનું જાણવા મળ્યું છે. જમીનની અંદર આનું કેન્દ્ર રહ્યું હતું. દિપાયાળ હિમાચલની નજીક રહેલો એક વિસ્તાર છે જ્યાં સામાન્યરીતે ઓછી તીવ્રતા વાળા ભૂકંપ આવતા રહે છે. આજે આવેલા આ આંચકાના કારણે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. ઉત્તરપ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં પણ ભૂકંપની તીવ્રતા જોવા મળી હતી. અહીં તીવ્રતા સૌથી વધારે નોંધાઈ હતી. લખનૌમાં ઓફિસોમાં કામ કરતા લોકો બહાર દોડી આવ્યા હતા. ઉત્તરાખંડમાં પણ આંચકો અનુભવાયો હતો. નેપાળમાં સામાન્યરીતે ભૂકંપ આવતા રહે છે. ૨૦૧૫માં આ પડોશી દેશમાં વિનાશકારી ભૂકંપનો આંચકો આવ્યો હતો જેમાં એકલા નેપાળમાં ૮૦૦૦થી પણ વધુ લોકોના મોત થઈ ગયા હતા. ગુજરાતના જુદા જુદા ભાગોમાં ગઈકાલે આંચકો આવ્યા બાદ આજે ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નિષ્ણાતોના કહેવા મુજબ વસતીવાળા વિસ્તારમાં ૫.૩ની તીવ્રતાના આંચકા પણ નુકસાન કરી શકે છે. લખનૌમાં સૌથી વધારે અસર આજે જોવા મળી હતી. રાષ્ટ્રીય પાટનગર ક્ષેત્ર સહિત ઉત્તર ભારતમાં રહેતા લોકોમાં આને લઈને મોટી સાંજ સુધી લોકોમાં સંપર્કો મારફતે ચર્ચા રહી હતી.

## ન્યુઝ ટ્રેક

### સિયાચીનમાં હિમસ્ખલન : ૪ જવાનોના મોત

સિયાચીનમાં ઉત્તર ગ્લેશિયર પાસે હિમસ્ખલન થતા આર્મીના ચાર જવાન શહીદ થયા છે અને બે પોર્ટરના મોત થયા છે. ૧૮ હજાર ફૂટની ઊંચાઈએ આ ઘટના બનતા આર્મીની કેટલીક ચોકીઓ તબાહ થઈ ગઈ હતી.

### મારે સીએમ નથી બનવુ : શિવપાલ

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખીલેસ યાદવથી નારાજ થઈ અલગ પાર્ટી બનાવનાર તેમના કાકા શિવપાલસિંહ યાદવે હવે યુ-ટર્ન લીધો છે. યાદવે ઈટાવામાં પત્રકારોને કહ્યું છે કે જો સપા અધ્યક્ષ મતભેદ ભુલી જશે તો ૨૦૨૨માં તેઓ ઉત્તરપ્રદેશના સીએમ બની શકશે. તેઓએ એમ પણ કહ્યું છે કે તેમને સીએમ બનવામાં રસ નથી.

### ભારતના નકશા વિરૂદ્ધ નેપાળમાં દેખાવો

ભારતના નવા નકશા મુદ્દે નેપાળમાં ભારે દેખાવો થઈ રહ્યા છે. આ દરમ્યાન નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ કહ્યું છે કે તેમની સરકાર કોઈને પણ પોતાની એક ઈંચ જમીન ઉપર કબજો નહી કરવા દે. તેમની સરકાર દેશની રક્ષા કરવા સક્ષમ છે.

### અમેરિકા અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓમાં ભારતીયો બીજા સ્થાને

અમેરિકા ખાતે ૨૦૧૮-૨૦૧૯માં ભણવા જનારા વિદ્યાર્થીઓમાં ભારતીયોનો ક્રમ ચીન પછી બીજો છે. ભારત ખાતેથી ૨૦૧૮-૨૦૧૯માં ૨,૦૨,૦૦૦થી વધુ વિદ્યાર્થી અમેરિકા ગયા હતા.

## દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ મુદ્દે આજે મહત્વની બેઠક

નવીદિલ્હી, તા. ૧૯

દિલ્હી એનસીઆરમાં વાયુ પ્રદૂષણને લઈને શહેરી વિકાસ ઉપર સંસદની સ્થાયી સમિતિની બેઠક આવતીકાલે બુધવારના દિવસે યોજાનાર છે. આ બેઠકમાં આવાસ અને શહેરી મામલાઓના મંત્રાલય, પર્યાવરણ મંત્રાલય, નગરનિગમ અને અન્ય પ્રતિનિધિ ભાગ લેશે. આ પહેલા આજ મુદ્દા ઉપર શુક્રવારના દિવસે પણ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, આ પહેલા આ મુદ્દા ઉપર આયોજિત બેઠકમાં ૨૮માંથી માત્ર ચાર સાંસદો પહોંચ્યા હતા. ગેરહાજર રહેલા સાંસદોમાં પૂર્વ દિલ્હીના સાંસદ ગૌત્તમ ગંભીર પણ સામેલ છે. ત્યારબાદ ગૌત્તમ ગંભીરની વ્યાપક ટિકા પણ થઈ હતી. પ્રદૂષણને લઈને થનારી બેઠકમાં સામેલ હોવાના બદલે ગૌત્તમ ગંભીર ઈન્દોરના એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ગાળા દરમિયાન જલેબી ખાતા ફોટાઓ વાયરલ થતાં ગૌત્તમ ગંભીરની ચારેબાજુ વ્યાપક ટિકા થઈ હતી. આમ આદમી પાર્ટી દ્વારા ગૌત્તમ ગંભીરની ઝાટકણી કાઢવામાં આવી હતી.

## રિલાયન્સની માર્કેટ મૂડી વધી ૯.૫ લાખ કરોડ

### ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપનીએ નવી સિદ્ધિ મેળવી : નવી કંપની શરૂ કરીને ૧.૦૮ લાખ કરોડનું રોકાણ કરવા તૈયારી : સૌથી વધુ ડિજિટલ સર્વિસ આપશે : રિલાયન્સના શેરમાં ૩.૫૦ ટકા સુધી વધારો થયો

મુંબઈ, તા. ૧૯

ટેલિકોમ કંપનીઓની કફોડી હાલત અને આર્થિક મંદીની સ્થિતિમાં પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડીમાં અવિરત વધારો થઈ રહ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ આજે તેની સફળતામાં વધુ એક સિદ્ધિ ઉમેરી દીધી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડી હવે ૯.૫ લાખ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. મુકેશ અંબાણીના નેતૃત્વમાં આ કંપની આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ ભારતીય કંપની બની છે. આજે રિલાયન્સના શેરમાં ૩.૩ ટકા સુધીનો વધારો થતાં તેના શેરની કિંમત ૧૫૦૬.૭૫ સુધી પહોંચી હતી. ત્યારબાદ કારોબાર દરમિયાન તેના શેરમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. કારોબારના અંતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રના શેરમાં ૩.૫૦ ટકાનો ઉછાળો રહેતા તેના શેરની કિંમત આજે કારોબારના અંતે ૧૫૦૯.૮૦ની સપાટીએ રહી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ૯.૫૦ લાખ કરોડ રૂપિયાની માર્કેટ મૂડી સુધી પહોંચનાર પ્રથમ કંપની બની ગઈ હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આ કંપનીના શેરમાં આશરે ચાર ટકાનો ઉછાળો રહ્યો હતો જેથી તેના શેરની કિંમત ઈન્ટ્રા ડે દરમિયાન ઓલટાઈમ હાઈ ૧૫૧૪.૯૫ સુધી પહોંચી હતી. જો કે ત્યારબાદ તેના શેરમાં આંશિક ઘટાડો રહ્યો હતો. આરઆઈએલની માર્કેટ મૂડી એવા સમયે વધી રહી છે જ્યારે અન્ય હરીફ કંપનીઓ મુશ્કેલી અનુભવી રહી છે જેમાં ભારતી એરટેલ અને વોડાઆઈડિયાનો સમાવેશ થાય છે. છેલ્લા મહિનામાં આરઆઈએલે જાહેરાત કરી હતી કે, કંપની એક નવી ગૌણ કંપની પણ શરૂ કરનાર છે જે હેઠળ ડિજિટલ ઈનિસિએટીવ અને એફ કારોબાર આવશે તેમાં ૧.૦૮ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવનાર છે. આ નવી કંપની ભારતમાં સૌથી વધારે ડિજિટલ સર્વિસ ઉપલબ્ધ કરાવનાર કંપની બની જશે. આ નવી કંપની ટેકનોલોજી, હેલ્થકેર, એજ્યુકેશનના ક્ષેત્રમાં કામ કરવાની સાથે સાથે આગામી પેઢીની જરૂરિયાતોને પણ ધ્યાનમાં લેશે જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ, બ્લોક ચેઈન સામેલ છે. જાણકારોના કહેવા મુજબ આ નવા પ્લેટફોર્મની જેમ જ રોકાણકારોને પણ આકર્ષણ રહેશે. બેંક ઓફ અમેરિકાના મેરિલિંચના કહેવા મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી આગામી બે વર્ષમાં ૨૦૦ અબજની કંપની બની શકે છે.

## મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના આશાસ્પદ શિક્ષક વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરતા ઢળી પડ્યા

મોડાસા, તા. ૧૯

મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષકનું શાળાના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરતા કરતા શાળા પરિસરમાં ઢળી પડતા શાળાના શિક્ષકોએ તાબડતોડ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા શાળા પરિવાર સહીત જીલ્લાના શિક્ષણ જગતમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી. ચાલુ શાળાએ શિક્ષકનું હાર્ટ એટેકથી મોત નિપજતા પરિવારજનો અને સગા-સંબંધીઓ દવાખાને દોડી આવી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

મોડાસા શહેરની મોડાસા કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલમાં સોશ્યલ સાયન્સના શિક્ષક અને વકતા અને વિદ્યાર્થીઓ પ્રિય એવા કમલેશભાઈ કે. પટેલ રાબેતા મુજબ શાળાએ પહોંચ્યા હતા. શાળા પરિસરમાં વિદ્યાર્થીઓ સાથે



અભ્યાસ અર્થે વાર્તાલાપ કરતા કરતા વિદ્યાર્થીના ખભે હાથ રાખી ઢળી પડતા વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોમાં ભારે દોડધામ મચી હતી અને તાત્કાલિક મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા શિક્ષકના આકસ્મિક નિધનથી શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ આઘાતમાં સરી પડ્યા હતા. સર્વોદય હાઈસ્કૂલના હોનહાર શિક્ષક કમલેશભાઈ પટેલનું આકસ્મિક મોત નિપજતા મોટી સંખ્યામાં શિક્ષણજગત સાથે સંકળાયેલા લોકો અને મિત્ર વર્તુળ સાર્વજનિક હોસ્પિટલ પહોંચ્યું હતું. શિક્ષકના પરિવારજનો અને સગા-સંબંધીઓ પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. શિક્ષકના પરિવારજનો અને સગા-સંબંધીઓ ભારે આક્રંદ કરી મુકતા કોણ કોને સમજાવે અને કોણ કોને મનાવે તેવા દ્રશ્યોથી વાતાવરણ ગમગીન બન્યું હતું. શાળા પરિવાર અને શિક્ષણ જગતના અગ્રણીઓએ કમલેશ પટેલના પ્રખર વક્તા અને વિદ્યાર્થીઓના પ્રિય તરીકે મેળવેલ સ્થાન ક્યારેય નહિ પુરાય તેવું જણાવ્યું હતું.



### ખેડબ્રહ્મા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેરોલની મુલાકાતે ડો. કોકચા અને ડો. શમા બાનો

મિનિસ્ટ્રી ઓફ હેલ્થ ભારત સરકાર સંચાલિત નેશનલ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટરની ટીમના સભ્યો ડોક્ટર નવીન કોકચા અને ડોક્ટર શમા બાનો દ્વારા મુલાકાત કરવામાં આવેલ. આ અગાઉ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર રાજેશ પટેલના આદેશ અનુસાર પ્રા.આ. કેન્દ્ર દેરોલનું નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ મુજબ ઈન્ટર્નલ પિયર અને એક્સટર્નલ એસેસમેન્ટ કરવામાં આવેલ અને પ્રા.આ. કેન્દ્રને નેશનલ એસેસમેન્ટ માટે પસંદ કરવામાં આવેલ. ભારત સરકારની દિલ્હીની ટીમ દ્વારા આ બે દિવસ દરમિયાન પ્રા.આ. કેન્દ્રના જુદા જુદા વિભાગો જેવા કે ઓપીડી, ઈન્ડોર વિભાગ, લેબર રૂમ, લેબોરેટરી વિભાગ જનરલ એડમિનિસ્ટ્રેશન તેમજ નેશનલ હેલ્થ પ્રોગ્રામ્સની ભારત સરકારના સ્ટાન્ડર્ડ પ્રમાણે ચકાસણી કરવામાં આવેલ. તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર આર.ડી. ગોસ્વામી, ડૉ. દિવ્યાબેન પટેલ તેમજ ડૉ. ચિંતન વોરા અને ટીમ દ્વારા પીએચસી ખાતે ખુટતી સુવિધાઓ પૂર્ણ કરી ભારત સરકારના સ્ટાન્ડર્ડ પ્રમાણેનું પ્રા.આ. કેન્દ્ર તૈયાર કરી નેશનલ સર્ટીફીકેટ માટે ચકાસણી કરાવી ટીમને ખુબ જ સંતોષકારક રિસ્પોન્સ આપવામાં આવેલ છે.

## પાલનપુર તાલુકા પંચાયત દ્વારા નિરંતર વિકાસના ધ્યેયો અંગે તાલીમ

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લા આયોજન કચેરી તેમજ તાલુકા પંચાયત, પાલનપુર દ્વારા પાલનપુર તાલુકાના તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કર્મચારીઓ ત.ક. મંત્રી, ગ્રામસેવક, આશાવર્કર, હેલ્થ વર્કર, આંગણવાડી કાર્યકર તેમજ પ્રાથમિક શાળાના આચાર્યોને 'નિરંતર વિકાસના ધ્યેયો' અંગેની તાલીમ તા. પં. પાલનપુરના સભાખંડમાં ૧૯ થી ૨૨ નવેમ્બર દરમ્યાન યોજવામાં આવી છે.

જેમાં પ્રથમ દિવસે તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી લક્ષ્મીબેન કાળમા, તાલુકા વિકાસ અધિકારી એ.જી. પરમાર, મદદનીશ જિલ્લા આયોજન અધિકારી, રમેશભાઈ જુડાલ, તાલુકા હેલ્થ ઓફિસર અનાવાડીયા અને તાલુકા પંચાયત સ્ટાફે હાજર કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. મુકેશભાઈ આર. મોઢ, સીનીયર પ્રોજેક્ટ એસોસીએટ કમ-કન્સલ્ટન્ટ દ્વારા તાલીમ અપાઈ હતી.

## વડગામના પાંચડા ખાતે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની ગ્રામસભા યોજાઈ

વડગા તાલુકાના પાંચડા ખાતે આવેલ ગોગા મહારાજના મંદિર પટાંગણમાં બરોડા ગુજરાત ગ્રામીણ બેંક શાખા આયોજિત ગ્રામસભા બરોડા ગુજરાત ગ્રામીણ બેંક મેનેજર ડી. કે. ત્રિવેદીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. ગ્રામસભામાં બેંકમાં સરકારની જન કલ્યાણકારી યોજનાઓ જેવીકે અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના, ખેડૂતોની પાકધિરાણ યોજના, નેટ બેન્કિંગ સુવિધા કેન્દ્રની સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાને ડિજિટલ જિલ્લો બનાવવામાં આવનાર છે એટલે બેન્કની સારી યોજનાઓનો લાભ લેવા બેંક મેનેજર ડી.કે. ત્રિવેદી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## પઢારા ગામેથી દેશી બંદુક સાથે એક શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના પઢારા ગામેથી સોમવારે સાબરકાંઠા એસઓજીએ બાતમીને આધારે રૂ. ૨ હજારની કિંમતની દેશી બંદુક સાથે એક શખ્સની અટકાયત કરી હતી.

## સાબરડેરીની ૧૮૯ ભરતી પહેલા જાતિવાદ અને કરોડો રૂપિયા ખંખેરવા નિયમો નેવે મુકાયા

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાડા ચાર લાખ પસુપાલકો સાબરડેરીના સભાસદ હોવાને લઈને સાબરડેરીને બંને જીલ્લાઓની આર્થીક કરોડ રજ્જુ તરીકે જોવામા આવે છે. સાબરડેરીમા ડિરેક્ટર તરીકે નવા લોકોને લાભ મોકો આપવામાં આવતો નથી. ડિરેક્ટરો માટે ડેરી દુઝણી ભેંસ બની ગઈ છે. ડેરીના વહીવટમાં ભ્રષ્ટાચાર કરીને રૂપિયાની મલાઈ તારવી લેવા માટે જ પદ મેળવવામાં આવે છે.

સાબરડેરી દ્વારા ૧૮૯ વિવિધ જગ્યાઓ માટે બહાર પડેલી ભરતીમાં જાતિવાદ અને જગ્યા દીઠ ૧૯ થી ૨૫ લાખનું ઉઘરાણું કરી સમગ્ર ભરતી પ્રક્રિયામાં અનામતનો છેદ ઉડાડવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે જીલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે ભરતી પ્રક્રિયા પારદર્શક બનાવવા, સાચા બેરોજગારોને ન્યાય અપાવવા અને ભરતી પ્રક્રિયામાં અનામત લાગુ પાડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી સહીત સરકારમાં લેખિત રજુઆત કરતા ખળભળાટ મચી ગયો છે અન્યાય સામે જંગ લડનારા કીર્તિ પટેલે સોશ્યલ મીડિયામાં પણ ભરતી પ્રકરણ અંગે જંગ છેડી દેતા બેરોજગાર યુવાનોનું ભારે સમર્થન મળી રહેતા સાબરડેરીના સંચાલકોના પેટમાં તેલ રેડાયું છે.



ડેમાઈ જીલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે સાબરડેરીના વિવિધ વિભાગમાં કાયદા અને જનહિત વિરુદ્ધ જરૂરિયાત કરતા ખુબ જ વધુ ૧૮૯ જગ્યા માટે ભરતી બહાર પાડી હતી જેની છેલ્લી તારીખ ૨-૧૧-૨૦૧૯ હતી જેમાં જે અર્થે ડેરીના ચેરમેન તથા કેટલાક બોર્ડના સભ્યો દ્વારા સદર ભરતી મેરીટ અને લાયકાતના આધારે ન કરાવી પડે તે માટે ઉચ્ચ સરકારી અધિકારીઓ સાથે મોટી લેવડ દેવળ કરી, કરાવી સરકારને ગેરમાર્ગે દોરી નિકટના સ્વજનો અને મિત્રોની ભરતી કરવા બોગસ ઠરાવો અને દરખાસ્તો આધારિત ભરતી કરવા તજવીજ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

સરકારી, સહકારી અને ડેરીક્ષેત્રના નિયમોનો સરેઆમ ઉલાળિયો કરી નામદાર કોર્ટના ચુકાદાનું ઉલ્લઘન કરવામાં આવ્યું હોવાનું અને આરક્ષણ કોટાની પણ જોગવાઈ રાખી નથી. સાબરડેરીની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ કે સરકારી એજન્સી મારફતે કરાવવામાં આવેની માંગ કરી હોવાનું અને આ ભરતી પ્રક્રિયા તાત્કાલિક ધોરણે રદ કરી મહેનતુ ગરીબ પછાત શિક્ષિત સાચા બેરોજગારોને અન્યાય ન થાય તે સરકારએ જોવું જોઈએ.

સાબરડેરીમાં વર્ષોથી લાયકાત વિહોણા માત્ર ચોક્કસ પટેલ સમાજની ભરતી કરવામાં આવે છે. એસ.સી, એસ.ટી, ઓબીસી તથા લઘુમતી, વિચરતી અને સવર્ણ જાતિના આર્થિક પછાત સમાજના મેરિટવાળા શિક્ષિત યુવક-યુવતીઓની મેરિટના આધારે ભરતી ન કરી અન્યાય કરવામાં આવે છે. સાબરડેરીમાં સત્તાધીશો ડેરીમાં ગોઠવાયેલા ભાજપના અને વિપક્ષના આગેવાનો, રાજકીય અને સહકારી આગેવાનો સાથે મીલીભગતથી અત્યાર સુધી ભરતી પ્રક્રિયા કરવામાં આવતી હોવાની સાથે સાબરડેરીની સ્થાપના થયા થઈ અત્યાર સુધી થયેલી ભરતીનું જાતિગત વર્ગીકરણ કરી આંકડા જાહેર કરવા તથા સૂચિત મંડળીઓ કેન્દ્રોના પણ રજુ કરવામાં આવે જેથી સાચા તથ્યો બહાર આવી શકે તેમ છે.

૧૮૯ની ભરતી માટે વધુ ફોર્મ ના આવે તેથી રજાના દિવસની તકેદારી રાખી જાહેરાત આપી જેથી ભરતીમાં ઉમેદવારો ઓછા ફોર્મ અને ૪૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર આદરવા માટે કાવાદાવા કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

સહકારી માળખામાં રાજકીય વ્યક્તિઓએ પગપેસારો કર્યો ત્યારથી છેલ્લાં ૪૦ વર્ષથી ખાટા ખર્ચાઓ વધી ગયા છે અને તમામ ડેરીઓમાં વ્યાપક રીતે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. ગુજરાતના સહકારી ક્ષેત્રમાં જ્યારથી રાજકીય લોકો આવ્યા છે ત્યારથી દૂધ મોંઘું થયું છે અને પશુપાલનોને વળતર ઓછું થયું છે. ભ્રષ્ટાચારના કારણે સામાન્ય પ્રજાએ મોંઘું દૂધ ખરીદ કરવું પડે છે.

### સિધ્ધપુર ખાતે માતૃવંદના કાર્યક્રમનો સમાપન દિવસ

## લોક ગાયીકા કીંજલ દવે અને જીજ્ઞેશ બારોટે શ્રોતાઓના મન મોહી લીધા

પાટણ, તા. ૧૯

પાટણ જિલ્લાના માતૃતર્પણ તીર્થક્ષેત્ર સિધ્ધપુર ખાતે માતૃવંદના મહોત્સવના સમાપન દિવસે સુપ્રસિધ્ધ ગુજરાતનું ગૌરવ અને સુપસિધ્ધ લોકગાયીકા કીજલ દવેએ શ્રોતાઓને આફ્રિન કરી દીધા હતા અને સુપસિધ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેતા અને લોકગાયક જીજ્ઞેશ બારોટ (કવિરાજ)એ શ્રોતાઓને આનંદ વિભોર ખુશ-ખુશાલ કરી દીધા હતા. જિલ્લા વહીવટી તંત્રના પાટણના સાર્થક પ્રયાસોથી માતૃવંદના મહોત્સવને યાદગાર બનાવ્યો હતો તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલાકારોને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતું કે, સિધ્ધપુર તીર્થક્ષેત્ર માતૃતર્પણ તીર્થના વિકાસ માટે રાજય સરકારે પુરતા પ્રયાસો કર્યા છે. આ ઐતિહાસિક સ્થળને ઉજાગર કરવા રાજય સરકાર દર વર્ષે માતૃવંદના કાર્યક્રમ યોજે છે. દર વર્ષ માતૃતર્પણ માટે સમગ્ર ભારતમાંથી શ્રધ્ધાળુઓ બિંદુ



સરોવર ખાતે આવી માતૃશ્રાધ્ધ વિધી સંપન કરે છે સમગ્ર ભારત વર્ષનું એકમાત્ર માતૃતર્પણ તીર્થ સિધ્ધપુરનું બિંદુ સરોવર છે.

આ માતૃવંદના કાર્યક્રમમાં જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું કે સિધ્ધપુરને જનની જન્મ ભૂમિનું સ્થાન આપવામાં આવેલ છે. માતાનું સ્થાન સ્વર્ગ કરતાં ઉંચું ગણવામાં આવ્યું છે. ઈશ્વરે આ જોઈ માતાનું સર્જન કર્યું હશે. માતા અનેક નામોથી જાણીતી છે. તેના મા બહેન, પત્નિ જેવા સ્વરૂપોમાં દર્શન થાય છે. સિધ્ધપુર સામરર્થવાન અને કપિલ મુનિશ્રી જેવા રૂષિઓની આ ખમીરવંતી પ્રજાનું ક્ષેત્ર છે.

## પાલનપુર ખાતે આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત ઈન્ટર એજન્સી ગૃપની ઝોનલ સ્તરની સંકલન-સંવાદ બેઠક યોજાઈ

પાલનપુર ખાતે આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત ઈન્ટર એજન્સી ગૃપની ઝોનલ સ્તરની સંકલન- સંવાદ બેઠક નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. નિવાસી અધિક કલેકટરે જણાવ્યું કે આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે આપણી પાસે હંમેશા આગોતરૂ આયોજન અને તૈયારી હોવી જોઈએ. ભૂતકાળના અનુભવોમાંથી શીખ મેળવી વધુ સુદઢ આયોજન કરવા તેમણે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે સરકારી તંત્ર ઉપરાંત સ્વૈચ્છીક સંસ્થાઓના સંકલનમાં રહેવાથી કામગીરી સારી રીતે કરી શકાય છે. સ્વૈચ્છીક સંસ્થાઓનો આપત્તિ વ્યવસ્થાપનમાં મહત્વનો રોલ હોય છે.

## સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ. ૭૦ લાખથી વધુ રકમનો દંડ વસુલ્યો છે. પ્લાસ્ટીક વેસ્ટના નિકાલની હાલ મોટી સમસ્યાનો સામનો મનપાનું તંત્ર કરી રહ્યું છે.

બે મહિનાના લાંબા અંતર પછી મનપાની સામાન્ય સભા મળી રહી હોવાથી વિપક્ષ પણ આ બેઠકમાં કેટલાક પ્રશ્નો ખાસ કરીને પેયજળની શુદ્ધતા, ઉભરાતી ગટરની સમસ્યા વિગેરે અંગે રજુઆતો કરે તેવી શક્યતાઓ વધુ છે. જો કે સવારે બેઠક શરૂ થતાં પહેલાં તેઓ તેમની રણનીતિ આખરી કરશે.

બીજી તરફ ભાજપ પણ આ બેઠક અંગે કેવી નીતિ અખત્યાર કરે છે તેના પર બધાની નજર છે. આજની આ બેઠકને આમ તો વહીવટીય પ્રકારની બેઠક હોવાનો મત કાઉન્સીલરો જણાવી રહ્યા છે.

## રીસરફેસીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા સાત વર્ષથી આ માર્ગનુ રીસરફેસીંગ ન થતા ઉબડ ખાબડ રસ્તા પર વાહનચાલકો પણ પરેશાન થઈ રહ્યા છે. જેને ધ્યાને લઈને તંત્ર દ્વારા અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચે રીસરફેસીંગની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ટેન્ડર પ્રક્રીયાના અંતે રસ્તાના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે.